# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શેરી પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડનો શુભારંભ સાથે એક લાખ લાભાર્થીઓને સહાયનું વિતરણ કર્યું.

2) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની વિવિધ આવાસ યોજનાઓમાં દંડનીય વ્યાજ માફ કરાશે.

3) EDએ પંચમહાલના ગોધરામાં 11 કરોડ રુપિયાની સ્થાવર મિલકતો ટાંચમાં લીધી.

4) SIR હેઠળ આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે અત્યાર સુધી 6 લાખ 54 હજાર નાગરિકો તરફથી ફોર્મ 6 અને 6-A મળ્યા.

5) રાજ્ય સહિત દેશભરમાં આજે પાવન પર્વ વસંત પંચમીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી.

6) ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે છત્તીસગઢના રાયપુરમાં બીજો T20 મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM- KERALA SVANIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શેરી ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે અમલી પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજના પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડનો શુભારંભ કર્યો. શ્રી મોદીએ આજે કેરળના તિરુવનંતપુરમ ખાતેથી એક લાખ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ સહાયનું પણ વિતરણ કર્યું. શ્રી મોદીએ કહ્યું , હવે શેરી વિક્રેતાઓ પાસે પણ ક્રેડિટ કાર્ડ હશે.

(બાઇટ : PM-ON-CREDIT-CARD)

. . . . .

# PM – SWANIDHI – OVERALL

સુરત ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત શેરી ફેરિયાઓ માટે ક્રેડિટ કાર્ડ લોન્ચિંગ અને લોન વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી પાટિલે કહ્યું કે , આ યોજનાના અમલીકરણમાં સુરત મહાનગરપાલિકાએ દેશમાં છઠ્ઠો અને જ્યારે ગુજરાતમાં બીજુ સ્થાન મેળવ્યું છે.

. . . . . . . . . . .

# RURAL HOUSING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓ ના હિતમાં આ નિર્ણય લીધો છે. ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની વિવિધ આવાસ યોજનાઓમાં દંડનીય વ્યાજ માફ કરાશે.

આ નિર્ણય અનુસાર જે લાભાર્થીઓ મુદ્દલ સંપૂર્ણ ભરવા સંમત છે પરંતુ માસિક બે ટકા દંડનીય વ્યાજ ભરી શકે તેમ નથી તેમને રાહત મળશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે 6 મહિનાની સમય મર્યાદામાં આવાસના હપ્તાની મૂદ્દલ સંપૂર્ણ ભરપાઈ કરે તેમની દંડનીય વ્યાજની રકમ માફ કરાશે.

આ નિર્ણયથી 9 હજારથી વધુ ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને કુલ 154 કરોડ રૂપિયાની દંડનીય વ્યાજ રાહત મળશે. મૂદ્દલ સંપૂર્ણ ભરી દેનારા લાભાર્થીઓને માલિકી હક્ક મળતા પોતે મકાન માલિક બનશે.

. . . .

# SANGHVAI DAVOS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં યોજાઇ રહેલા વિશ્વ આર્થિક મંચ ની બેઠક દરમિયાન જણાવ્યું , ગુજરાત આગામી પેઢીના પવન નવીનીકરણ માટે ભારતના સૌથી મજબૂત કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

તેમણે કહ્યું , ભારતના પ્રથમ ઓફશોર પવન પ્રોજેક્ટ અને વિશ્વ કક્ષાના નવીનીકરણીય ઉર્જા પાર્ક સાથે, ગુજરાત દેશના સ્વચ્છ ઉર્જા વિકાસને શક્તિ આપી રહ્યું છે.

શ્રી સંઘવીએ વેસ્ટાના CEO હેનરિક એન્ડરસન સાથે મુલાકાત કરી. બેઠકના ભાગરૂપે પવન ટર્બાઇન ઉત્પાદન , ઓફશોર પવન , નવીન જમીન-ઉપયોગ પાઇલોટ્સ અને અદ્યતન સંશોધન અને વિકાસ પર વ્યૂહાત્મક સંવાદ યોજાયો.

શ્રી સંઘવીએ એમરેલ્ડ AIના સહસ્થાપક વરુણ શિવરામ સાથે પણ વાતચીત કરી. ગુજરાત AI-સંચાલિત ડેટા સેન્ટરની આગામી લહેર માટે તૈયાર થઈ રહ્યું છે , ત્યારે ટકાઉ ઉર્જા ઉકેલો મુખ્ય રહેશે.

(બાઈટ – હર્ષ સંઘવી)

. . . . . . . . .

# ED

પ્રવર્તન નિદેશાલય ( ED) ની અમદાવાદ સ્થિત કચેરીએ ખેરના લાકડાની ગેરકાયદે તસ્કરી અને મની લોન્ડરિંગના કેસમાં પંચમહાલ જિલ્લાના ગોધરામાં અંદાજે ૧૧.૩ કરોડ રૂપિયાની ૧૪ સ્થાવર મિલકતો ટાંચમાં લીધી છે. આરોપી આરિફ અલી અમજદ અલી ખાન અને અન્યો વિરુદ્ધ ચાલી રહેલી તપાસના ભાગરૂપે આ કાર્યવાહી હાથ ધરાઇ હતી.

તપાસ દરમિયાન જે અંતર્ગત આરોપી આરિફ અલી અમજદ અલી ખાન અને અન્યોએ વન વિભાગની મંજૂરી વિના રાજ્યના
વ્યારા, તાપી, સુરત, વલસાડ, નવસારી અને નર્મદા સહિતના જિલ્લાઓના વન્યજીવ અભયારણ્યોમાંથી ખેરના વૃક્ષોનું ગેરકાયદે છેદન કર્યું હોવાનું સામે આવ્યું હતું. આ ગુનાહિત આવકમાંથી ઉભી કરવામાં આવેલી મિલકતોની ઓળખ કરી તેને ED દ્વારા જપ્ત કરવામાં આવી છે.

. . . .

# SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR હેઠળ આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે અત્યાર સુધી કુલ 6 લાખ 54 હજાર નાગરિકો તરફથી ફોર્મ 6 અને 6-A મળ્યા. જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ કમી કરવા માટે 12 લાખ 59 હજાર 229 ફોર્મ-7 મળ્યા છે. જ્યારે સુધારણા તથા સ્થળાંતરના હેતુ સાથે કુલ 5 લાખ 4 હજાર 835 ફોર્મ 8 પ્રાપ્ત થયા છે.

30 જાન્યુઆરી સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે.

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...........

# GUTS CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસનો 6ઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો. તેમાં 104 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ.

આ પ્રસંગે શ્રી દેવવ્રતે જણાવ્યું , પ્રત્યારોપણ એ માત્ર ચિકિત્સા પદ્ધતિ નથી, પરંતુ નિરાશ થયેલા દર્દીઓના જીવનમાં ફરીથી 'વસંત' ખીલાવવાનું પુણ્યકાર્ય છે.

. . . . . .

# MODHVADIYA ARAVALLI

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ અરવલ્લી પર્વતમાળાને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થવાની ખાતરી આપી. અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે પર્વત પૂજા અને પ્રકૃતિ સરંક્ષણ મહોત્સવ દરમિયાન તેમણે જણાવ્યું, અરવલ્લીમાંથી એક પથ્થર પણ ઓછો થવાનો નથી. તેમણે ઉમેર્યું, વનપેદાશોને બ્રાન્ડિંગ કરીને ફોરેસ્ટ પ્રોડક્ટ તરીકે વેચાણ કરાશે.

. . . . . . . . . . .

# BHARUCH STHAPNA DAY

આજે ભરૂચ શહેરનો સ્થાપના દિવસ છે. ભૃગુ ઋષિના આશ્રમ થી ઓળખાતું આ શહેર પ્રાચીન સમયમાં ભૃગુકચ્છ તરીકે પણ ઓળખાતું હતું.

ભરૂચ રોમ, ગ્રીસ અને ઈજિપ્ત જેવા દેશ સાથે વેપાર માટે જાણીતું હતું. આજે પણ ભરૂચના ઇતિહાસમાં વેપાર, સંસ્કૃતિ અને સંસ્કારનો અનોખો સંગમ જોવા મળે છે. આ વિષે ભરૂચના ઇતિહાસકાર અને પ્રોફેસર મીનળબેન દવેએ આ મુજબ માહિતી આપી હતી.

( બાઇટ : મીનળબેન દવે, ભરૂચ )

. . . . . . .

# BHARUCH – KHATMUHURT

ભરૂચના સ્થાપના દિવસ નિમિતે શહેરને કરોડોના વિકાસ કામોની ભેટ મળી છે. ત્યારે આજે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલે 33.35 કરોડ રૂપિયાના ખર્ચે બનનાર અંકલેશ્વર – વાલિયા નેત્રંગના 6 કિલોમીટર સુધી નિર્માણ પામનાર ફોર લેન રોડનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેથી હવે ટ્રાફિક નિયમન જાળવી શકાશે.

આ સાથે જ મંત્રીશ્રી ના હસ્તે ભોલાવ ખાતે નવનિર્મિત એસ. ટી ડેપો વર્કશોપ તથા અત્યાધુનિક ટાયર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આમોદ ખાતે 319.91 લાખના ખર્ચે તૈયાર થયેલ અધ્યતન બસ ડેપોનું લોકાર્પણ કરી ભરૂચવાસીઓને જરૂરી સુવિધા અર્પણ કરી હતી.

. . . . . . . . . .

# VASANT PANCHMI

દેશભરમાં આજે પાવન પર્વ વસંત પંચમીની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશની વિવિધતામાં એકતાને પ્રતિબિંબિત કરતો , આ પર્વ સૌથી રંગીન અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ તહેવારોમાંનો એક છે. તે વસંત ઋતુનું સ્વાગત કરવા અને દેવી સરસ્વતીની પૂજા કરવા માટે ઉજવવામાં આવે છે.

ત્યારે અરવલ્લીના શામળાજી ખાતે કેબિનેટ કક્ષાના મંત્રી અર્જુન મોઢવાડીયાના હસ્તે પર્વત પૂજા કરવામાં આવી હતી. પ્રકૃતિ સંરક્ષણ મહોત્સવ અને પર્વત પૂજા સમારોહમાં ઉપસ્થિત રાજ્યકક્ષાના મંત્રી પી. સી. બરંડા એ જણાવ્યું કે , અરવલ્લી પર્વતમાળા ગુજરાતની જૈવવિવિધતા , જળસ્ત્રોત અને આબોહવાને સંતુલિત રાખે છે. કાર્યક્રમના અધ્યક્ષ મંત્રીશ્રી મોઢવાડિયાએ જણાવ્યું કે, “પ્રકૃતિ આપણું જીવન છે અને તેનું સંરક્ષણ આપણી પ્રથમ ફરજ છે.

ભાવનગર શહેરની નંદકુંવરબા કોલેજ ખાતે વસંત ઋતુના વધામણાં શીર્ષક હેઠળ શાસ્ત્રોક્ત વિધિથી ગાયત્રી યજ્ઞ કરી સરસ્વતી વંદનનો કાર્યક્રમ યોજાયો હતો.

પંચમહાલના ગોધરામાં ગાયત્રી શક્તિપીઠ ખાતે વસંત પંચમીના નિમિતે પંચકુંડી ગાયત્રી યજ્ઞ અને દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામૂહિક જાપ અને સંસ્કાર વિધિ દ્વારા ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

. . . . . . .

# CRICKET- T20I

ક્રિકેટમાં, છત્તીસગઢના રાયપુરમાં આજે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ રહી છે. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ન્યુઝીલેન્ડના 3 ઓવરમાં વિના વિકેટે 43 રન થયા છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં , ભારત હાલમાં શ્રેણીમાં 1-0 થી આગળ છે.

. . . . . . . .